# આમોદ નગરપાલિકા-આમોદ

## ટેન્ડર ઓફર ની જનરલ શરતો

૧. આ ટેન્ડર પરસન્ટેજ રેઈટ બેઇજ પર મગાવવા માં અઆવેલ છે પરસન્ટેજ રેઈટ ટેન્ડર શેડ્યુલ્ડ આઈટેમોના ભાવ ટેન્ડર માં આપવામાં આવેલ છે.

૨. પરસન્ટેજ રેઈટ ટેન્ડર માં શેડ્યુલ -બી માં કુલ અંદાજીત કિંત દર્શાવેલ છે જેમાં ફક્ત અંદાજીત કીમત કરતા કેટલા ટકા નીચા/ઉચા ભાવ કે ભાવોથી કામો રાખવાના છે તેજ રકમ દર્શાવવી અને અંદાજીત કીમત સાથે ગણતરી કરી કીમત જણાવવાની રહશે.

૩. દરેક આઈટેમો ના અંદાજીત જથ્થામાં ગમે તેટલો વધારો કે ઘટાડો થઇ શકશે અને કોઈ આઈટેમો સંપૂર્ણ પણે રદ થઇ શકશે કે નવી આઈટેમો ઉમેરી શકશે આમ છતાય આવી આઈટેમો કે આઈટેમો ના જથ્થા ના ફેરફાર થ ટેન્ડર માં બતાવેલ આઈટેમો ના ભાવ માં કોઈપણ જાતનો ફેરફાર થશે નહિ.કોન્ટ્રાક્ટર ને દરેક લાગુ પડતી આઈટેમો ની ચુકવવા પાત્ર થતી રકમ કોન્ટ્રાક્ટ મુજબ સાઈટ પર દેખરેખ થયેલ કામના માપ પરથી ચુકવવા માં આવશે ટેન્ડરમાં બતાવેલ પરસન્ટેજ રેઈટના બધાજ માલસામાન તથા મજુરીના ખર્ચ નો સમાવેશ થઇ જય છે.અને તેને તે બાબતે કોઇપણ જાતની વધારાની રકમ ચુકવવામાં આવશે નહિ નવી ઉમેરેલી આઈટેમો ના ભાવ ટેન્ડર માં તે પ્રકારની આઈટેમોના ભાવ ઉપર થી અથવા તો રેઈટ એનાલીશીસ બનાવી ને તે ઉપરથી અથવા તો ચાલુ બજારના ભાવ ઉપરથી નગરપાલિકા નક્કી કેરે તે મુજબ ઠરાવવાના રહેશે.

૪. શેડ્યુલમાની કોઈપણ આઈટેમ કે આઈટે મોના વર્ણન કે જથ્થામાં થયેલ ભૂલ કે ક્ષતી ના કારણે આ કોન્ટ્રકટનો ભંગ થયો ગણાશે નહિ પરંતુ તેને ફેરફાર તરીકે ગણવામાં આવશે.

૫. આ ટેન્ડર ઓફરની સાથે ટેન્ડરના તથા ચીફ ઓફિસરના સંયુક્ત નામો ની ફિક્સ ડીપોઝીટ રશીદ કોઈપણ રાષ્ટીય કુર્ત બેન્કની અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે જોડવાની રહશે, તેમજ બિલમાંથી ૨.૫ % મુજબ સિક્યુરિટી ડીપોઝીટ કપાત કરવામાં આવશે. તેમજ ૨.૫ % કેશ જે ટેન્ડર મંજુર થયેથી ભરવાની રહશે, આમ કપાત કરેલ તથા ભરેલ ડીપોઝીટ મળી કુલ ૫.00% સિક્યુરિટી ડીપોઝીટને પ્રોજેક્ટ સંતોષકારક રીતે પુર્ણ થયેલ અને કમ્પ્લીશન સર્ટીફીકેટ મળ્યેથી એક વર્ષ સુધી નગરપાલિકા માં પરફોર્મન્સ બોન્ડ રૂપે જમા રાખવામાં આવશે,અને ટેન્ડર મંજૂર થયેથી ૫% મુજબ પરફોમન્સ બોન્ડ ડિપોઝિટ એફ.ડી .આર /બેન્ક ગેરન્ટી રૂપે જમા કરવાની રહશે જે રકમ સંપુણ કામ પૂણ થાય અને ફાઇનલ બિલ ના પેમેન્ટ થયા બાદ કંપલીસન સર્ટિફિકેટ મળયા બાદ છૂટી કરવામાં આવસે તેમજ દરેક બિલ થયેલ કામ ના આઈટમ રેટ મુજબ ની રકમ ના ૧૦૦ % રકમની ચુકવણી કરવામાં આવસે તેમજ દરેક રનીગ/ફાઇનલ બિલ માથી આગવ ચૂકવેલ પેમેન્ટ બાદ કરવામાં આવશે. સરકારી ધોરણો મુજબ ૧/૦૭/૨૦૧૭ પછી GST લાગુ પડતા તેનો ખર્ચ કોન્ટ્રાક્ટર એ ભોગવવાનો રહશે.

૬. આ કામ માટે એજન્સી દ્વારા સિક્યુરિટી ડીપોઝીટપેટે જો એફ.ડી .આર નેશનલાઈઝ બેંક ની રજુ કરવામાં આવેતો કરાર આ કામની અંદાજીત કીમત ના ૫.00 % મુજબ આવતી રકમ ના ૪.૯૦ % મુજબ સ્ટેમ્પ પેપેર વાપરવાના રહશે .જયારે એજન્સી દ્વારા ડીપોઝીટપેટે બેંક ગેરેટી સરકાર માન્ય બેંક ની રજુ કરવાની આવશે તો કરાર રૂ ૩૦૦ /- ના સ્ટેપમ પેપર ઉપર કરવાના રહેશે

૭. આ ટેન્ડર ઓફરની કાયદેસરતા આ ટેન્ડર ખુલ્યા પછીથી ૧૨૦ દિવસ સુધીની રહેશે.

૮. ટેન્ડર ઓફર ભરતા પહેલા ટેન્ડર કામની સ્થળની પુરતી તપાસ કરી ને જમીનના પ્રકાર ઇલેક્ટ્રિક પાવર અને પાણી વવ્યસ્થા વિગેરીની સંપૂણ જાણકારી મેળવેલ તેમ માનવામ આવશે.સાઈટ કંડીશનર ને કારણે ઉદભવેલા કોઇપણ દાવાને ધ્યાનમાં લેવામાં નહી આવે.

૯. અધુરી અથવા અસ્પષ્ટ ઓફરને ગેરલાયક ઠરાવી શકશે.

૧૦. કોઇપણ કારણ દર્શાવ્યા વિના કોઇપણ એક કે બધીજ ટેન્ડર ઓફરો રદ કરવામાં નો કે સ્વીકારવાનો હક્ક અમોને અબાધિત રાખેલ છે.

૧૧. પાણી તથા તેને માટે જોઈતી પાઈપ લાઈન તેમજ ઇલેક્ટ્રિક ની તમામ વ્યવસ્થા કોન્ટ્રાક્ટર પોતાના ખર્ચે કરવાની રહેશે.

## આમોદ નગરપાલિકા -આમોદ

## કોન્ટ્રાક્ટર ની શરતો

૧. સમય મર્યાદા :

અગાઉ જણાવેલ સમય મર્યાદા વર્ક ઓર્ડર આપ્યાની તારીખ થી અમલ આવી ગયેલ ગણાશે સમય મર્યાદા એ આ કોન્ટ્રાક્ટ ની અગત્ય ની શરત ગણાશે એટલેકે કોન્ટ્રાક્ટરે આ કામ ઉપરોક્ત સમય મર્યાદા માં કે તેથી વહેલું પુરૂ થાય તેવા શક્ય તમામ પ્રયાસો જરૂરી છે.

૨. સ્પેસિફિકેશન:

કોન્ટ્રાક્ટરે દરેક કામ સંપૂર્ણ પણે સ્પેસિફિકશન પ્રમાંનેજ કરવાના રહશે નગરપાલિકા વતી કન્સલ્ટન્ટ એન્જીનીયર રે આપેલ ડીઝાઇન ડ્રોઈંગ કે સુચનાઓં લેખિત સ્વીકારને આવું કામ કરવાની જવાબદારી કોન્ટ્રાક્ટરેની રહશે. બધીજ વખતે પી.ડબ્લ્યુ.ડી. હેન્ડ બુક વોલ્યુમ ૧ અને ૨ અને ઇન્ડિયન સ્ટાન્ડડ ઇન્સ્ટીટયુટ દ્વારા આપેલ સ્ટાન્ડડ સ્પેસિફિકેશન નો અમલ કરશે.

૩ દસ્તાવેજોની ગુપ્તા

આ ટેન્ડર ડોક્યુમેન્ટ માં આપેલ કોઈપણ જાતના દસ્તાવેજ કે ડ્રોઈંગ નો સીધો કે આડકતરી રીતે ટેન્ડર કે કોન્ટ્રાક્ટરના કામ શિવાય બીજા કોઈપણ હેતુ માટે ઉપયોગ કરવો નહી.

૪. આખરી નિણય

સ્પેસીફીકેશન,ડ્રોઈંગ માપસાઈજ કામની ગુણવતા આઈટેમ રેઈટ ,બીલ ,કોન્ટ્રાક્ટર ની શરત,કામનો ,જથ્થો કામનો પ્રોગ્રેશ સમય મર્યાદા ટેન્ડર શરતોના અર્થ સ્પષ્ટીકરણ અને મુલ્યાંકન વિગેરે તમામ ટેકનીકલ બાબત માટે નગરપાલિકા નો નિણર્ય આખરી અને બન્ને પાર્ટીઓને બંધનકર્તા રહશે.

૫. પેમેન્ટ શરતો

અ. સિક્યુરિટી ડીપોઝીટ એજન્સી એ ભાવ મંજુર થયેથી રૂ. મુજબ એફ.ડી. આર સ્વરૂપે ભરવાની રહશે તેમજ બીલ માંથી ૨.૫ % મુજબ કપાત કરવામાં આવશે. આમ કુલ ૧૦ % મુજબ ની સિક્યુરિટી ડીપોઝીટને પ્રોજેક્ટ સંતોષકારક રીતે પૂરો થયે કમ્પ્લીશન સર્ટીફીકેટ મળ્યેથી ૧ વર્ષ સુધી નગરપાલિકા માં પરફોર્મન્સ બોન્ડ રૂપે અને વગર વ્યાજે જમા રાખવામાં આવશે. કોન્ટ્રાક્ટર જો પોતાનું કામ અધૂરૂં છોડે અથવા તો સમાય મર્યાદા માં પૂરૂ ના કરેતો નગરપાલિકા પોતાના નિણર્ય થી ડીપોઝીટ જપ્ત કરી વશુલ થયેલ ગણાશે.

બ. દરેક બીલ થયેલ કામના આઈટેમ રેઈટ મુજબની રકમની ૧૦૦ %રકમની ચુકવણી કરવવામાં આવશે તેજ દરેક રનીહ ને ફાઈનલ બીલ માંથી અગાવ ચૂકવેલ પેમેન્ટ બાદ કરવવામાં આવશે. જે રકમ સંપૂર્ણ કામ પુર્ણ થાય અને ફાઈનલ બીલ ના પેમેન્ટ થયા બાદ કમ્લીશન સર્ટીફીકેટ મળ્યા બાદ છુટી કરવામાં આવશે

ક. કોન્ટ્રાક્ટર ના દરેક અનીગ અને ફાઈનલ બીલ તથા કામ પેટેના ચુકવણા માંથી સરકારશ્રી ના ધારાધોરણ મુજન ઇન્કમટેક્ષ નગરપાલિકા દ્વારા કપાત કરી સરકાર શ્રી નિયત હેડે ભરી દેવામાં આવશે. તેમજ ૧% વેલ્ફેર ફંડ કપાત કરવામાં આવશે.

ડ. મંજુર થયેલ ભાવો ઉપર કોઈપણ સંજોગ માં ભાવવધારો આપવામાં આવશે નહી .

ઈ. કોન્ટ્રાક્ટર ડર કેલેન્ડર માસમાં વર્ક પ્રોગ્રેસ નું દરેકનું એક અથવા બે બીલ રજુ કરી શકાશે.

૬. પેનલ્ટી બોનસ

કોન્ટ્રાક્ટર ને આપેલ સમયમર્યાદા કોન્ટ્રાક્ટર જો સંતોષકારક રીતે પુર્ણ કામ પુરૂ ણ કરી શકે તો કોન્ટ્રાક્ટર પાસેથી દૈનિક ૧% થી ૧૦ % મુજબની જેટલા દિવસ મોડું થયું હશે તેટલા દિવસ ની પેનલ્ટી નગરપાલિકા ના નિર્ણય ઉપર વશુલવા માં આવશે. આ પેનલ્ટી ઉપરાંત કામ મોડું પુરૂ કરવાની કે કોન્ટ્રાક્ટર ની ભંગ કરવાની નગરપાલિકા ને થયેલ સીધી ખોટ નુકશાન નું વળતર કોન્ટ્રાક્ટર પાસેથી વશુલ કરવામાં આવશે.

૭. એક્સ્ટ્રા આઈટેમો

અ. એક્સ્ટ્રા આઈટેમ કે એક્સ્ટ્રા કામોને માટેના રેઈટ ગુજરાતી પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ /પી..ડબ્લ્યુ .ડી ચાલુ એસ.સો.આર મુજબ અથવા તે સમય ના બજાર ભાવ તથા કોન્ટ્રાક્ટરે આપેલ રેઈટ એનાલીશીસ અને કોન્ટ્રાક્ટર માં આવતી તે જાતની આઈટમના ભાવ ઉપરથી નક્કી કરવામાં આવશે આવી એક્સ્ટ્રા આઈટેમો એક્સ્ટ્રા કામોના નગરપાલિકા એ નક્કી કરેલા ભાવ આખરી અને બન્ને પાર્ટીને બંધનકરતા રહશે.

બ.જયારે કોઈપણ કામનો ભંગ સરખી રીતે માપી ન શકાય કે તેની કિંત અંદાજી ણ શકાય ત્યારે કોન્ટ્રાક્ટર ને તેનું રેઈટ એનાલીશ મુજબની ઉચક કીમત નગરપાલિકા દ્વારા ચુકવવામાં આવશે.

૮. સલામતી ની વ્યવષ્ઠા

કોન્ટ્રાક્ટરે કામ સંતોષકારક રીતે પુર્ણ થયા ત્યાં સુધ બધા માણસો માલસામાન અને પ્રોપર્ટી ની સલામતી અને રક્ષણ માટેની જરૂરી અને પુરતી વ્યવષ્ઠા અને ગોઠવણ કરવી પડશે અને કોઈપણ કામ માટે નગપાલિકા એ સોપેલ માલની લેખિત ફોચાપી તેની જાણવણી અને વ્યવસ્થીત ઉપયોગી કરી વધેલ માલની પછી સોપની કરવની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહશે

૯. વીમો

અ. ચાલુ કામ દરમિયાન અનેકમ સંપુર્ણ પુરૂ થાય ત્યાં સુધી નગપાલિકા એ સોપેલમાલ અને નગપાલિકાએ પેમેન્ટ કરેલ કોન્ટ્રાક્ટર ના માલને કોઇપણ કારણોને લીધે થાય નુકસાન કે ઘટની જવાબદારી સંપુર્ણ પણે કોન્ટ્રાક્ટર ની રહશે આ કામ પુરૂ થાય માટે ત્યાં સુધી ના માલસામાન કામના જોખમે તથા આજુબાજુ ની માલમિલકત ને થાય તેવા નુકસાન માટે નગરપાલિકા સૂચવે તેવો વીમો કોન્ટ્રાક્ટર લેવો પડશે આવી વિગતની પોલીસી કોઇપણ નેશનલાઈજ ઈસ્યોરન્સ કંપની માંથી નગરપાલિકા ની કૃલ સમયમળીદા તથા ટાઈમ લીમીટ નો વધારો કે મોડુ પૂરૂં થાય ત્યાં સુધી સમય ની લેવાની રહેશે તેનું તમામ પ્રીમિયમ કોન્ટ્રાક્ટરે ભોગવવાનું

(બ) ઉપરાંત કોન્ટ્રાક્ટર ચાલુ કામ દરમ્યાન કામ કરતા પોતાના માણસો તથા નગરપાલિકાના પ્રતિનિધિ ઓ માટે વર્કમેન કોમ્પન્સ્લેબ ઈન્સયોરન્સ કામ પુરૂ થાય ત્યા સુધીના સમય માટે લેવાનો રહીશ.

(૧૦) ચોકીદાર

કોન્ટ્રાકટરે પોતાના સ્વખર્ચે સાઈટ ઉપર તમામ માલ સામાનની સલામતી જાળવણી કરી શકે તેવા ચોકીદાર ની વ્યવસ્થા કરવાની રહેશે આવી વ્યવસ્થા માલસામાન તેમજ મજુરોની સલામતી તેમ માલસામાનનીય હેરફેર તથા સ્ટોરેજએને કંટ્રોલ કરી શકે તેવી પુરતી સગવડ રાખવાની રહેશે.

(૧૧) સટિંગ આઉટ

કોન્ટ્રાક્ટરે પોતે ધ્યાન ઉપરથી કામને સેટ આઉટ કરવાનો રહેશે અને સાચા અને ચોક્કસ સેટિંગ આઉટ ઉપરાંત દરેક બિલ્ડીંગની પોઝીશન લેવલ માપમાઈઝ તથા એલાઈમેન્ટની ચોકકસાઈની જવાબદારી કોન્ટ્રાકટરની રહશે કોઈપણ સમયે જો ચાલુ કામ દરમ્યાન તેમાં કોઈ ભુલ જણાશેતો નગરપાલિકાના એજીન્યરને યોગ્ય લાગે ત્યાં સુધી કોન્ટ્રાકટર પોતાના સ્વખર્ચે આવી ભુલ સુધારવાની રહેશે.

(૧૨) બ્રાન્ડ (મેઈક)

જ્યાં જ્યાં કોઈ કામ માટે નગરપાલિકાના એેંજિનિયર કોઈ મટીરીયલ્સ માટે કોઈ ચોકકસ બ્રાન્ડ કે મેઈક દશાવેલ હોય ત્યાં કોન્ટ્રાકટરે તેજ વસ્તુ વાપરવાની રહેશે. કોન્ટ્રાકટર આવી વસ્તુઓની સમકક્ષ બ્રાન્ડ કે મેઈક નગર પાલિકાના એેંજિનિયરની પૂર્વ મંજુરી લીધા પછી વાપરી શકશે. અને આવી પૂર્વ મંજુરી ના ફેરફાર માટેના કોન્ટ્રાકટરે રજુ કરેલા બધા કારણો લક્ષમાં રાખી ને આપવામાં આવશે.

(૧૩) ઝાડ પાન

નગરપાલિકાને દર્શાવેલા ઝાડ કે વનસ્પતિને ચાલુ કામ દરમ્યાન નુકશાન ન થાય તે રીતે જાળવવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહશે આવા ઝાડ થી ત્રણ ફૂટ ત્રીજીયા ની અંદર જમીનનું લેવલ બદલાવી શકાશે નહી અને જરૂર જણાય ત્યાં ખાવી જગ્યા ને કોન્ટ્રાક્ટરે પોતાના ખર્ચે કામ ચલાઉ ફેન્સીંગની વ્યવસ્થા કરી આપવી પડશે.

(૧૪) ખોદેલી વસ્તુઓ

સાઈટ ઉપર પડેલ અથવા તો ચાલુ કામ દરમ્રાન ખોદકામમાં મળી આવેલ કોઈપણ ધાતુ અવશેષ કે કિંમતી વસ્તુઓ જાળવીને બહાર કાઢીને તુરતજ સાચવી રાખીને જાતે તે સ્થિતિ માંજ સારૂં કર્યા વિના નગરપાલિકાને સોંપી દેવાની રહેશે

(૧૫) નકકી આઈટેમ રેઈટ

.આ કોન્ટ્રાક્ટરમાં માવતી તમામ આઇટમોના નકકી કરેલ અને બન્ને પાર્ટીઓએ સ્વીકારેલ ભાવે પૂરૂં થાય ત્યાં સુધી કાયમ રહશે તેમજ ભાવ વધારો કે બીજા કોઈ પણ કારણોસર કોઈ પણ જાતનો આ ભાવ મા કરી શકાશે નહી બેઝીક ઈંટના ભાવ ફેર તથા એકસ્ટા આઇટેમ કે અક્સ્ટ્રા કામમાં નગરપાલિકા દ્વારા નકકી કરાયેલ ભાવ ફાઇનલ ગણાશે

(૧૬) પર્ટ -સી.પી.એમ. પ્લાનીંગ

કોન્ટ્રાકટરે વર્ક ઓર્ડર મળ્યાની ૧૫ દિવસની અંદર પર્ટ-સી. પી.એમ.ચાર્ટ તૈયાર કરીને કામ ચાલુ કરવાની તથા પુરૂં કરવાની સંભવિત તારીખાં સાથે કામના જુદા જુદા સ્તરોએ બધી એકટીવીટી માટે નગરપાલિકાના એજીન્યર પાસે મંજુર કરેલ પ્રોગ્રામ મુજબ કામ કરવાનું રહશે

(૧૭) મશીનરી સાધનોઃ

કામ સારી રીતે ચાલુ રહીને પરૂં થઈ શકે તે માટે કોન્ટ્રાકટરે બધી જાતના જરૂરી અને પુરતા સાધનો જેવા કે હોટ-મીટીંગ, પેવર પ્લાન્ટ મસીનરી, રોડ રોલર, તથા બાધકમ તથા પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના કામો માટે જોઈતા જરૂરી સાધનો-યંત્રો તથા હથીયારો ઓજારો વિગેરે રાખવા પડશે.

(૧૮) સાઈટ ચોખી રાખવા બાબતઃ

સાઈડ ની જગ્યા તથા મજૂરોના રહેઠાણ તથા તેમની કામ કરવાની જગ્યા સારી સ્થિતીમાં રાખવાની જવાબદારી કોટ્રાક્ટર ની રહેશે, સાઇટ પરની બધી અડચણો પથરો તથા અન્ય મટીરીયલ કચરો કે ઘાસ પાન વિગેરે કોટ્રાક્ટરે પોતાના ખર્ચે દૂર કરી

સાઈડ ચોખ્ખી કરવાની રહેશે. કામ પુરૂ થયે સાઈડ પરના ખાડાઓ કે છુટા પથ્થરો કાઢવા થી થયેલ ખાડાઓ મુરમ થી પૂરી બરોબર રોલિંગ કરી સાઇટ ચોખી કરાવવા માટે કોન્ટ્રાકટરને કોઈપણ જાતનું વધારાનું પમેન્ટ કરવામાં નહીં આવે.

(૧૯) સાઈટ ઇજનેરઃ

ચાલુ કામ દરમ્યાન કોન્ટ્રાકટર આખા દિવસના સમય માટે નગરપાલિકા મંજુર કરૈ તેવો અનુભવ અને લાયકાત ધરાવતો ઇજનેર રાખવાનો રહેંશે, અને પ્રાંજેટક સાઈડ પર જયારે માણસો કામ કરતા હોય ત્યારે તેની પૂરી હાજરી રાખવી પડશે.કોન્ટ્રાકટર રાખેલ આવા ઇજનેર ને નગર પાલિકાના ઇજનેરે આપેલ કોઈપણ સુચના સમજુતી દોરવણી કે નોટિસ એ કોન્ટ્રાકટર આપ્યા બરાબર ગણાશે.

(૨૦) માણસ છુય કરવા

નગરપાધિકાના ઇજનેર ની સુચનાથી ફોન્ટ્રાકટરે પોતાના કામ ઉપર રાખેલ કોઇપણ માણસ કે જે તેમની દ્રષ્ટિએ ગેરલાયક કે ગેરવર્તણું કરતો અભ્યાસ લાગશે, તેને તુરંત રજા આપીને છૂટો કરી દેવો પડશે. અને નગરપાલિકાના ઇજનેરની લેખિત મંજુરી વિના આવા છુટા કરેલ માણસને ફરીથી કામે રાખી રાકશે નહી.

(૨૧) પેટા કોન્ટ્રાકટર

આ કોન્ટ્રાકટરમાં આવતું તમામ કામ કોન્ટ્રાકટરે પોતેજ કરવાનું રહશે અને નગરપાલિકાની પૂર્વ મંજુરી વિના કોન્ટ્રાકટર નું તમામ કામ તે તેનો અમુક ભાગ સીધી કે આડકતરી રીતે બીજા કોઈપણ કોન્ટ્રાકટરને ટ્રાન્સફરફે પેટા કોન્ટ્રાકટર કે કમીસ્ન થી આપી શકશે નહી અને આવી મંજુરી છતાય ચાલુ કામ દરમ્યાન કે ગેંરંટી પીરીયડ દરમિયાન કે કોન્ટ્રાકટની અંદર આવતી તમામ અને સંપૂર્ણ જ્વાબદારી મેઈન કોન્ટ્રાકટરની રહશે

(૨૨) બાયલોઝ ધારાધોરણ

આ કામ ને લાગુ પડતાં ધારાધોરણી તમામ જોગવાયો કોન્ટાકટરે પૂરી પાડવાની રહશે. અને રસ્તા, પાણી, લાઇટ અથવા અન્ય વસ્તુઓ માટેના નીતિનિયમો તથા બાયલોઝનું સંપૂર્ણ પણે પાલન કરવાનું રહશે. કોન્ટ્રાકટરે આવી જુદીજુદી ઓથોરીટી ના નિયમો અને બાયલોજ ની જોગવાઈઓ અને પુરી કરવાની પધ્ધતિ નગરપાલિકાના ધ્યાન પર લાવવાની રહશે. અને સદરહુ કામમાં મંજુર થયેલ એજન્સીને ગુજરાત નાગરીક પુરવઠા વિભાગ માંથી સિમેન્ટ મેળવવા માટે નગરપાલિકાએ જરૂરી મંજુરી આપીને દરખાસ્ત કરી આપવાની રહેશે જે માટે સદરહુ કામમાં કામ વાઈઝ એજન્સી પાસેથી સિમેન્ટ વપરાસ માટેના જથ્થાની ગણતરી મેળવી ન. પાના એન્જીનિયર પાસે એપ્રુવડ કરાવી ત્યારબાદ આ કાર્યવાહી કરી આપવાની રહેશે.

(૨૩) વધારાનો માલસામાન

કામ સંપૂર્ણરીતે પુરૂ થયા પછી વધારાનો માલસામાન નગરપાલિકાની મંજૂરી પછી કોન્ટ્રાકટરને સાઈટ લઈ જવા

(૨૪) પેમેન્ટ હકો

કોન્ટાકટરે સપ્લાય કરેલ માલ કે કોન્ટ્રાકેટરે કોઈપણ કામને કારણે ઉભા થતા પેમેન્ટ હકો  રોયલ્ટી, લાયસન્સ ફી , નુકશાન, ખર્ચ, કે વડતર ના દવાઓની તમામ જવાબદારી કોન્ટ્રક્ટરની પોતાની રહેશે. આ કામ માટે વપરાશ માં આવતો માલસામાન સિમેન્ટ કપચી મેટલ મોરમ રેતી લોખંડ હાથફોડ મેટલ ઈંટ આર સી સી એનપી -૨ ક્લાસ પાઇપ એસ્ફાલ્ટની રોયલ્ટી ફી તથા અન્ય તમામ જાતના સરકારી ટેક્ષ વિગેરે કોન્ટ્રક્ટરે  ભરવાના રહેશે.

(૨૫) સાઈટ મિટિંગ:

કામની વ્યવસ્થિત પ્રોગ્રેસ કે કામ દરમિયાન ઊભા થયેલ પ્રશ્નોની વિચારણા માટે અથવા તો કામ ના સંકલન માટે નગરપાલિકા ના ઇજનેર બોલાવેલ સમયે વખતો વખતની સાઇટ મિટિંગ માં હાજર રહેવાનુ રહેશે

(૨૬) બાળ મજુરો:

કોન્ટ્રાક્ટરે ૧૪ વર્ષથી નીચે ના બાળમજુરોને કામ પર રાખવા નહી. જો સ્ત્રી મજૂરો કામ ઉપર હોય તો કોન્ટ્રાકટરે નાનબાળ કોના રક્ષણ માટે તથા કામના સ્થળથી તેમને દૂર રાખવાની તમામ વ્યવસ્થા કરવાની રહેશે. નગરપાલિકાને લેખિત મંજુરી સિવાય  કોન્ટ્રાક્ટરના માન્ય ચોકીદાર સીવાય બીજા કોઈ મજુરો ને કમ્પાઉન્ડ રહેવા દેવામાં આવશે નહી.

(૨૭) માલસામાનનો બગાડ

જયારે પણ કોન્ટ્રાકટરને નગરપાલિકા દ્વારા  કાંઈપણ મટીરીયલ્સ વાપરવા દેવામાં આવે જેવા લોખંડ, સિમેન્ટ, સિમેન્ટશીટ  ત્યારે કોન્ટ્રાકટરને ડ્રોઈંગ તથા સ્પેશિફિકેશન ઉપર થી ગણતરી કરેલ  જથ્થા પરથી ૫%  વેસ્ટેજ ગણી ને વાપરવા દેવામાં આવશં, જો નગરપાલિકાને આના કરતા વધુ  વપરાત થયેલ જણાશે તો બેજીક રેઈટના ડબલ રેઇટ થી વધારાના જથ્થા ની કિંમત વસુલ કરાશે . અથવા તો તે આઈટમના ટેન્ડર ભાવ મુજબની રકમ બે માથી જે વધુ હશે તે વસૂલ કરાશે.

(૨૮) ઇન્પેકસન

કોન્ટ્રાકટમાં આવતું કોઈપણ જાતનું ચાલુ કામ અથવા થયગયેલૂ કામ કોઈપણ સમયે નગરપાલિકા ના ઇજનેર તપાસી શકશે તે રીતે ખુલ્લુ રાખવું પડશે આવી દરેક વિઝિટ વખતે કોન્ટ્રાકટરે તપાસ થઈ શકે ને માપસાઈજ લઈ શકાય તે માટે જરૂરી તમામ જરૂરી તમામ વ્યવસ્થા અને માણસોની મદદ કરવી પડશે.

(૨૯) અન્ય કોન્ટ્રાકટરો:

આ કોન્ટ્રાકટનું કોઈપણ કામ આપવું અથવા તો તેનો કોઈ ભાગ અથવા તો બીજુ કામ  કે બીજી  આઈટમોનું કામ કરવા માટે અન્ય કોન્ટ્રાક્ટર રાખવાનો નગરપાલિકાનો અબાધીત હક્ક રહેશે , કોન્ટ્રાક્ટરે  આવા બીજા કોન્ટ્રાકટરને કામ શરૂ કરંવાથી  પરૂ કરવા સુધી સંપૂર્ણ સહકાર આપવાનો રહેશે.

(૩૦) કામનો વિલંબ

નગરપાલિકાને કોન્ટ્રાકટમાં આવતુ કોઈપણ કામ  અથવાતો તેનો કોઈ ભાગ નું કામ કરવામાં વિલંબ કરવાની સૂચના આપવાનો અધિકાર રહશે જો આવો વિલંભ કોન્ટ્રાકટરના કોઈપણ જાતના વાક વગર કરવામાં આવશે. તો નગરપાલિકાના નિર્ણય મુજબ સમય મર્યાદામાં તેટલો વધારો કરી આપવામાં આવશે.

(૩૧) ક્ષતિવાળા કામોનો નિકાલ:

જો નગરપાલિકા ઇજનેર ને કોઈ કામ અથવા તેનો ભાગ સ્પેસિફિકેસન મુજબના મટિરિયલ્સ  થી ન થયેલો અથવા તો બરાબર કારીગરી વાળો જણાશે તો સમયે સમયેં લેખિતે હુકમ આપીને હુક્ક માં દશાવેલ સમર્યાદામાં આવું કામ કાઢવી નાખવાનો અધિકાર રહશે  કોન્ટ્રાકટરે પોતાના ખર્ચે આવુ કામ કઢાવવું પડશે. અને તેની જ્ગ્યા એ  નગર પલિકાના ઇજનેરની સૂચના મુજબ નવા મટીરીયલ્સ થી સારૂં કામ ફરીથી વિનામુલ્ય કરી આપવાનું રહશે  જે કોન્ટ્રાકટર આવા હુક્કમ નું પાલન કરવાનો નો અનાદર કરશે તો નગરપાલિકા ના ઇજનેર આ કામ દુર કરી નવું કામ કરાવવા માટે બીજા માણસો અથવા સબ –કોન્ટ્રાકટર આપવાનો અધિકાર રહેશે. મા કામ પાછળ થતો બધો ખર્ચ નગરપાલિકા પાસે કોન્ટ્રાકટરની જમા પડેલ  રકમ જમા થવાની રકમ માંથી ચુકવી આપશે,

(૩૨) પેમેન્ટ અટકાવવું:

ધીમી ગતીએ ચાલતુ કામ અથવાતો ખરાબ  કામગીરી વાળુ કામ અથવાતો નગરપાલિકા ઇજનેર ની વખતો વખતની સુચના ઓનું પાલન કોન્ટ્રાકટર ના કરે અથવા તો અન્ય કોઈપણ દર્શનિક કારણો ને લઈને નગરપાલિકા  કોન્ટ્રાકટરને કરવાનું પેમેન્ટ અટકાવી શકશે . જ્યાં સુધી નગરપાલિકાને પેમેન્ટ અટવવાની જરૂરીયાત માટે ના કોઈ કારણ રહયાની ખાત્રી થાય ત્યાં સુધી આ પેમેન્ટ અટકાવી શકશે. આ કોન્ટ્રાકટરને લગતા કોઈ કામ બાબતે કે કોન્ટ્રાકરે  કરવાની વસ્તુ કરવાથી કે કરવાનુ મોકુફ  રાખવા થી નગરપાલિકા વિરૂદ્ધ થયેલ કે કોઇપણ  દવા કે કેશ  માગણી કે પગલાથી અથવાતો આ કોન્ટ્રાકટરને લગતા કામો કરવાથી

કરવાનું મોકુફ રાખવાથી કોન્ટ્રાકટર વિરુદ્ધ કરેલ દાવો કે પગલાથી નગરપાલિકા ને થતા નુકશાન કે ખોટ ની જવાધરી કોન્ટ્રાકટર ની રહેશે. અને નગરપાલિકાને આવા દાવા કે કેસ માં રક્ષણ આપવાની જવાધરી કોન્ટ્રાકટરની રહેશે.

(૩૩) મોડીફીકેશન:

આ કોન્ટ્રાકટર ની કોઈપણ શરતો કે જોગવાયો ફેરફાર કરવાની જરૂર જાણતા આવા ફેરફાર લેખિત માં કરવાની રહશે તે માં બંને પાર્ટીઓએ સહી કરીને કરવા ના રહશે અને આ ન થાય ફેરફાર વાળુ કોઈ પણ કામ કરવા દેવામાં આવશે નહી સમગ્ર કોન્ટ્રાક્ટ અથવા તો તેની કોઇ પણ શરતો રદ કરતી વધારો કરેલ કે પુરક કોઈપણ જાતના મોખિક કે લેખિત હુકમની જવાબદાર જયા સુધી તેમાં નગરપાલિકા ની સહીન થાય ત્યાં સુધી નગરપાલિકા ની રહશે નહી અને ત્યાં સુધી ના આવા હુક્મો રદ કરી સકશે આવી રીતે નગર પાલિકાના ઇજનેર ને લેખિત ઓર્ડર આપી આ કોન્ટ્રાકટર માટે નું કોઈપણ કામ વધારવનું કે વિસ્તારવાનું ઓછું કરવાનું તથા ડિઝાઈન,સાઇજ મટિરિયલનો ઉપયોગ નો ફેરફાર કે બદલવાનો તથા કોઈપણ વ્ધારનું કામ લેખિત કુક્ક્મ થી કરવાનું કે કોઈના કરવાનું અધિકાર છે. આ વધારાના ખરેખર થયેલ કામ તથા વપરાયેલ મટિરિયલ પ્રમાણે પેમેન્ટ કરવામાં આવશે. કોઈપણ જાતના વિસ્તરણ સંકોચન વધારો કે ઘટાડો કે ફેરફાર ને કારણે આ કોન્ટ્રાકટર ની કાયદેસરતાને કોઈ અસર થસે નહીં પરંતુ કોન્ટ્રાકટરે આવા કામો કોન્ટ્રાકટર માટેનાજ ગણી કોન્ટ્રાકટરની દરેક શરતો લાગુ પડી ને સ્પેસિફિકેસ્ન મુજબજ કરવાના રહશે આવા કામના વિસ્તરણ ઉમેરો સંકોચન ઘટાડો ફેરફાર કે સુધારો વધારાના સંમયે નગરપાલિકાના ઇજનેર ના નિયણ મુજબ ટેન્ડર ની આઇટમોના રેટ ઉપરથી નવા રેટ નક્કી કરી પેમેટ કરવાનું રહશે.

(૩૪) કોન્ટ્રાકટ ટર્મીનેટ કરવા માટે

કોઈપણ સમયે જો નગરપાલિકાના ઈજનેરને એવું જણાશે કે કોન્ટ્રાકટરને આપેલ કામ યોગ્ય સમયે શરૂ નથી થયું

અથવા તો કોન્ટ્રાકટરે લાવેલ માલ મટીરીયલ્સ અથવા તો તેની વર્કમેન શીપ સંતોષકારક નથી તો નગરપાલિકા ને આ કોન્ટ્રાકટર સાત દિવસ ની લેખિત નોટીસ આપીને ટર્મિનેટ કરવાનો અધિકાર છે અને બાકીનું કામ અન્ય કોન્ટ્રાકટર પાસે મુળ કોન્ટ્રાકટરના જોખમ અને જવાદારીએ પૂરૂં કરવાનો અધિકાર છે. આવી બાબતો માં નગરપાલીકાના નિર્ણય આખરી અને બંધનકર્તા રહશે તદ ઉપરાંત કામ શરૂ કરિયા પછી કોઈપણ સમયે કોઈપણ કારણો સર જો નગરપાલિકાના કારણો સર જો નગરપાલીકાને કોન્ટ્રાકટરમાં દર્શાવેલ સમગ્ર કામ અથવા તો તેનો કોઈ ભાગ કરવાની જરૂર ના લાગે કે ઈચ્છા ન થતો નગરપાલિકા કોન્ટ્રાકટર લેખિત નોટિસ આપીને કામ બંધ કરવી શકશે જો નગરપાલિકા દ્વારા કોન્ટ્રાકટ ટર્મીનેટ કરવામાં આવે અથવા સમગ્ર કામ કે તેનોકો ઇભાગ કેન્સલ કરાવવા માં આવેતો કોન્ટ્રાકટરને સમગ્ર કામ પૂર્ણ થયે થવો જોઈતો નફો કે લાભ કે આવું કામ ન કરવાથી ન થયું તેબાબતનુ કોઈપણ જાતનું વળતર કે ચૂકવણું આપવામાં આવશે નહીં આમ છતાં તે કોન્ટ્રાકટરે કરેલ ખરેખર કામના માપ મુજબ નક્કી કરેલ ભાવ પ્રમાણેનું પેમેન્ટ કરી આપવામાં આવશે.

(૩૫) લવાદી:-

આ કોન્ટ્રાકટમાં આવરી લેવાયેલ ટેન્ડરની શરતો અથવાતો અમા કરાયેલ સુધારા વધારા કે ફેરફાર માટે અથવાતો કોઈ પણ બાબતે ઊભા થયેલ પ્રશ્નો વાંધાઓ કે મતભેદો નગરપાલિકા દ્વારા નકકી કરેલ કોઈ પણ વ્યકિતનો લવાદી દ્વારા નિકાલ કરાવાનો રહશે. આ લવાદી ઈન્ડીયન આરબીટેસ્ન એકટ ૧૯૪૦ પ્રમાણે આટિકેટક સુચવે તે સ્થળે કરાશે. અને આવા લવાદનો ચુકાદો આ કોન્ટ્રાકટર ની બંને પાર્ટીઓને બંધન કર્તા રહશે.

(૩૬) ટેન્ડર માથી કપાત રકમ:-

આ કામમાં રાખેલ PMC તેમજ TPI નો જે ખર્ચ થાય તે contractor ના બિલ માથી કપાત કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.

૩૭ . જયુરીડીકશન

નગરપાલિકા ની હેડ ઓફિસ જે શ્હેરમાં હોય તે સ્થળે આ કોન્ટ્રાકટ થયેલ ગણાશે અને તે શહેર ની કોર્ટ માં બંને પાર્ટી વચ્ચેના વાંધા કે તકરાર નો નિકાલ કરવાનો રહેશે

| | |
|---|---|
| કોન્ટ્રાકટરની સહી | **ચીફ ઓફિસર** |
| **(નામ .......................................................)** | **આમોદ નગરપાલિકા** |
| | **આમોદ** |